**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૧/૦૧/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૭૧/૧૮**

## બાઇકના મુદ્દામાલ સાથે એક ઇસમની ધરપકડ કરી સને ૨૦૦૬નો વણશોધાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબએસ.ઓ.જી.ક્રાઇમનેલગતાહેડનીકામગીરીકરવાતથામિલકત સબંધી બનેલ ગુનાઓ શોધીકાઢવાતથાબનતાગુનાઅટકાવવાસુચના કરેલ જે અનુસંધાને એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારીતથા પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયળીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાનમસઇ નરેન્દ્રસિંહ વજેસિંહ તથા હે.કો.મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહનાઓએ આપેલ સંયુક્તબાતમી હકીકત આધારે વોચ તપાસ કરી ઠક્કરનગર કેનાલ ઉત્તમનગર પાવર સ્ટેશન સામેથી આરોપીઅશોકભાઇ કેશુભાઇ પટેલ ઉવ.૫૧ ધંધોઃવેપાર રહે, ૨૩/૫, દ્વારકેશ ધામ રો હાઉસ, સુભાષ સ્કુલની બાજુમાં, ઠક્કરનગર, નિકોલ, અમદાવાદ શહેર નાઓને એક સ્પ્લેન્ડર મો.સા. સાથે ઝડપી લેવામાં આવેલ જે આરોપીની પુછપરછ કરતાં આજથી છએક વર્ષ અગાઉ પોતાના પાનના ગલ્લાં ઉપર એક મારવાડી છોકરો જેનું નામ ખબર નથી તે અવારનવાર આવતો હોય તેણે ઓઢવ વિસ્તારમાં બાઇક ચોરેલ જે બાઇક સસ્તામાં તેની પાસેથી ખરીદેલાની હકીકત જણાવેલ જેથી આ બાબતે તપાસ કરાવતાં ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૨૪/૨૦૦૬ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોયસ્પેલ્ન્ડર બાઇક કિ.રૂ.૨૫,૦૦૦/- ગણીસીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઇસમને આજરોજ તા.૧૦/૦૧/૨૦૧૮ ના રોજ સીઆરપીસી કલમ ૪૧ (૧) ડી મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી સારુ ઓઢવ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## વેજલપુર પોલીસ સ્ટેશન :

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એમ” ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.વી.પટેલ તથા એ.યુ.ટાઅપરીયા તથા સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા મિલ્કત સંબંધી ગુનાઓમા સંડોવાયેલ શાહરુખ ફારુખભાઈ શેખ ઉ.વ-૨૩ રહેઃ- સી/૨૬ સંકલીતનગર જુહાપુરા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમા શરીર સંબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંકઃ- પીસીબી/ડીટીએન/પાસા/૧૦૧૬/૧૭ તા.૨૬/૧૨/૨૦૧૭ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૧૦/૦૧/૨૦૧૮ ના ક્લાક ૧૭/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી “જીલ્લા જેલ જામનગર” ખાતે પાસા અટકાયતીને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૧૦/૦૧/૨૦૧૮

## સરખેજ પોલીસ સ્ટેશન :

પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી સરખેજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચનાથી સર્વેલન્સ સ્કવોડનાં પો.સબ.ઇન્સ. એમ.ડી.પંચાલ નાઓ તેઓનાં સ્ટાફનાં માણસો સાથે વાહનચોરી તેમજ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન લોકરક્ષક મયુરધ્વજસિહ ભગીરથસિહ બ.નં. ૧૧૪૮ નાઓની બાતમી આધારે મકરબા કટારીયા હાઉસ પાસેથી આરોપીઓ (૧)અમન ઉર્ફે રેનીસ સ/ઓફ અબ્દુલભાઈ ટપુભાઈ જાતે ભાયાણી ઉ.વ. ૧૯ રહે ઘર નં એ/૪૭ શુકુન સોસાયટી સરખેજ પો.સ્ટે.ની સામે સરખેજ અમદાવાદ શહેર તથા (૨)દુપેશ ઉર્ફે મોન્ટુ સ/ઓફ ત્રિભોવનભાઈ સવાભાઈ જાતે જાદવ ઉ.વ. ૨૦ રહેવાસી ઘર નં ટીએફ/૫ આઈશ્રી ખોડીયાર કોમ્પલેક્ષ દેના બેંક સામે ધોળકા રોડ સરખેજ અમદાવાદ શહેર નાઓને બાતમી આધારે પકડી તેઓની પાસેથી સરખેજ પો.સ્ટે. ના ફસ્ટ ગું.ર.નંબર ૨૦૧/૨૦૧૭ ઈપીકો કલમ ૩૭૯ મુજબાના કામે ચોરીમાં ગયેલ એક યામાહા કંપનીનું એફ.ઝેડ મો.સા. કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-ની મતાનું તથા આનંદનગર પોલીસ સ્ટેશનના ફસ્ટ.ગુ.ર. નંબર ૧૨૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરીમાં ગયેલ એક્ટીવા કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-નું તેઓની પાસેથી કબજે કરી બન્ને આરોપીઓને તારીખ ૧૦/૦૧/૨૦૧૮ ના રોજ પકડી તેઓની પાસેથી બે વાહનો રીકવર કરી બન્ને ગુન્હાઓ શોધી કાઢવામાં આવેલ છે.

**મણીનગર પોલીસ સ્ટેશન :**

**(૧)**

# ઘરફોડ ચોરીના પકડવાના બાકી તેમજ વાહનચોરીના આરોપીઓ પકડી પાડતી મણીનગર પો.સ્ટે સર્વેલન્સ ટીમ

## પ્રેસનોટ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ' જે ' ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ મણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા બનતા મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ મીલકત સંબધી ગુનાઓ શોધી કાઢવા મણીનગર પોલીસ સ્ટેશન સિની.પોલીસ ઇન્સપેકટર શ્રી.વી.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ શ્રી ટી.એન.મોરડીયા તથા સ્ટાફ ના માણસો સાથે પોસ્ટે વિસ્તારમા વાહનચેકીંગ તથા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પ્રવીણભાઈ ભાઈલાલભાઈ બનં ૪૭૮૩ તથા પો.કો દીલીપસિંહ બળવંતસિંહ બનં ૫૦૭૮ નાઓની સંયુક્ત બાતમી હકીકત મળેલ કે મણીનગર પો.સ્ટે ના ફ.ગુ.ર.નં ૧૭૪/૨૦૧૭ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના ગુનાના કામે પકડવાના આરોપીઓ નામે (૧) વિજય ઉર્ફે જાડીયો સ/ઓ રસિકભાઇ જાતે ઠાકોર ઉ.વ.૨૨ રહે- જનતાનગર ફાટક પાસે ફુટપાથની ઉપર અમદાવાદ (૨) રાજુ ઉર્ફે કાલીયો સ/ઓ હજાજી જાતે કટારા ઉ.વ ૧૮ રહે – સદર નાઓને રોકડા રુપીયા ૨૨૫૦/- તથા એક ઇંટેક્ષ કંપનીના મોબાઈલ કીરૂ ૧૦૦૦ તથા એચ.ટી.સી મોબાઈલ કીરૂ ૧૫૦૦/- તેમજ એક મો.સાયકલ પેશન પ્લસ મો.સા જી.જે ૦૧ એફ.એ.૫૪૭૭ નાની જેની કીરૂ ૧૫૦૦૦/- ગણી શકાય મળી કુલ્લે રુપીયા ૧૯૭૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી તા ૦૮/૦૧/૨૦૧૮ ના કલાક ૨૦/૦૦ વાગે ગુનાના કામે પકડી અટક કરી આરોપી નં ૧ નાઓની વધુ પુછપરછ કરતા સદરી પાસે મળી આવેલ મો.સા પેશન પ્લસ ટુ વ્હીલર પોતે તથા તેના સહ આરોપી નામે પ્રકાશ ઉર્ફે નાગરાજ રહે સોલા બ્રીજની નીચે અમદાવાદ શહેર નાઓની સાથે મળી ઈસ્કોન બ્રીજની પાસે આવેલ એક એપા. ના રોડ ઉપરથી ચોરી કરેલાની હકીકત જણાવતા જે આધારે તપાસ કરતા સેટેલાઈટ પો.સ્ટે ફ.ગુ.ર.નં ૦૫/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબ વાહન ચોરીનો ગુનોહ ડીટેક્ટ થવા પામેલ છે આ કામે વધુ તપાસ ચાલુ છે તા ૧૦/૦૧/૨૦૧૮

(૧) કબ્જે કરેલ મુદ્દામાલ: રોકડા રુપીયા નાણા ૨૨૫૦/-
એક ઈંટેક્ષ કંપનીનો મોબાઈલ કીરૂ ૧૦૦૦/-
એક એચ.ટી.સી કંપનીનો મોબાઈલ કીરૂ ૧૫૦૦/-
એક ટુ વ્હીલર પેશન પ્લસ મો.સા જીજે ૦૧ એફ.એ.૫૪૭૭ નાની કીરૂ ૧૫૦૦૦/- મળી કુલ્લે રુપીયા ૧૯૭૫૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામા આવેલ છે

(૨) આરોપીઓનો ગુનાહીત ઈતીહાસ: આ કામના ઉપરોક્ત આરોપીઓ ટોળકી બનાવી તેમના બીજા સહ આરોપીઓ સાથે મળી રાત્રીના સમયે અંધારાનો લાભ લઈ દુકાનોના શટર આગળ સુઈ જઈ બીજા સહ આરોપીઓને વોચમા રાખી મોકો મળતા તાળા તોડી અગરતો શટર ઉંચા કરી ચોરી કરે છે અગાઉ આ કામના આરોપીઓ ઘાટલોડીયા એલીસબ્રીજ તેમજ ચાંદખેડા પોલીસ સ્ટેશનોમા ઘરફોડ ચોરીઓમા પકડાયેલ છે

(૩) ગુનો કરવાની મોડ્યુસ ઓપરેંડી: આ કામના આરોપીઓ દુકાનના તાળા તોડી તેમજ શટર ઉચા કરી ઘરફોડ કરવાની ટેવવાળા છે

(૪) ડીટેક્ટ થયેલ ગુનાઓ : (૧) મણીનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં ૧૭૪/૧૭ ધી ઈપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ તથા નં (૨) સેટેલાઈટ પો.સ્ટે ફ.ગુ.ર.નં ૦૫/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબ

**(૨)**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સા. તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ' જે ' ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર ખાતે બનતા મિલકત સબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા મણીનગર પોલીસ સ્ટેશન સિની.પોલીસ ઇન્સપેકટર શ્રી.વી.બી.બારડ નાઓની સુચના મુજબ સર્વેલન્સ પો.સ.ઈ શ્રી ટી.એન.મોરડીયા તથા સ્ટાફ ના માણસો સાથે પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો સાજીદખાન નજીમખાન બનં ૪૦૧૨ નાઓની બાતમી હકીકત મળેલ કે એક ઈસમ કે જે તેના કબ્જામા એક ચોરી અગરતો છળકપટથી મેળવેલ મો.સા લઈ મીરા ચાર રસ્તા થઈ પસાર થવાનો છે જે બાતમી હકીકત આધારે તપાસમા રહી એક ઈસમ નામે શૈલેષ ઉર્ફે સીકો સ/ઓ શંકરભાઈ જાતે ક્લાઉસા ઉ.વ ૧૮ રહે જોધપુર ગામ ગોકુલ આવાસ ઔડાના મકાનો આનંદનગર અમદાવાદ શહેર નાને એક ટુ વ્હીલર એક્ટીવા નં જીજે ૦૧ જે.એચ ૭૭૮૨ જેનો એ.નં ૫૫૪૨૯૭૯ તથા ચે.નં ૮૮૨૧૧ નો હોઈ જે સદરી ઈસમની પાસે મળી આવેલ મો.સા બાબતે વિગતે પુછપરછ કરતા સદરી એક્ટીવા બોપલ વિસ્તારમાથી તેના સહ આરોપી નામે પ્રકાશ ઉર્ફે નાગરાજ રહે સોલા બ્રીજની નીચે અમદાવાદ શહેર નાઓની સાથે મળી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા જે કબુલાત આધારે તપાસ કરતા બોપલ પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં ૦૧/૨૦૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનોહ દાખલ થયેલ હોઈ સદરી ગુનોહ ડીટેક્ટ થવા પામેલ છે અને સદરી ઈસમને તા ૦૮/૦૧/૨૦૧૮ ના કલાક ૨૧/૩૦ વાગે ધી સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી સદરી ઈસમના કબ્જામાથી મળી મો.સાની કીરુ ૧૫૦૦૦/- ગણી કબ્જે લઈ સદરી ઈસમ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે તા

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**